GJCU080002212026

દાખલ તારીખ : ૨૦/૦૩/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૨૦/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૦૧/૦૪/૨૦૨૬
સમય ગાળો : વર્ષ-માસ-દિવસ

**મે. બોડેલીના એડી.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ:બોડેલી જિ:છોટાઉદેપુર**

**ફોજદારી પ.અ.નં : ૧૦૨/૨૦૨૬**
**આંક :**

**અરજદાર :-** **છોટુરામ બાબુરામ રાજપુત,**
ઉ.વ. :-૩૨, ધંધો :-મજુરીકામ,
રહે. પલેટ ૩૭, તા.નાલાગટ,
જી. સોલન, (હિમાચલ પ્રદેશ)
**હાલ સબ જેલ છોટાઉદેપુર**

**વિરૂધ્ધ**

**સામાવાળા :- શ્રી સરકાર**

**અરજ : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા અંગે...**

---

અરજદાર તરફે વિધ્વાન એડવોકેટશ્રી વી.એચ.પટેલ
સામાવાળા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી શ્રી જે.બી.પુરાણી

---

**: જજમેન્ટ :**

(૧) અરજદારને બોડેલી પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૧૮૪૦૦૧૨૬૦૪૭૮/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬ (બી) મુજબના ગુનાના કામે અટક કરી બોડેલી કોર્ટ સમક્ષ રજુ કરેલા. ત્યાર બાદ જયુડી મેજી.ફ.ક.જજ શ્રીની કોર્ટમાં અરજદારે જામીન અરજી ગુજારતા તે નામંજુર કરી અરજદારને જયુડી. કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલા છે અને ત્યારથી અરજદાર જયુડી. કસ્ટડીમાં હોય જેથી જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજ કરેલી છે.

(૨) અરજી અન્વયે સામાવાળાને નોટીસ કાઢતાં સામાવાળા સ્ટેટ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી જે.બી.પુરાણી હાજર થયેલા છે, તેઓએ **આંક–૦૭** થી કે.એમ.રાઠોડ, પી.એસ.આઈ. બોડેલી પોલીસ સ્ટેશનનાઓનુ સોગંદનામું રજુ કરી, અરજદારની રેગ્યુલર જામીન અરજીનો વિરોધ કરેલ છે અને રેગ્યુલર જામીન અરજી રદ્દ કરવા અરજ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિધ્વાન એડવોકેટશ્રીની દલીલો સાંભળી તથા જામીન અરજીના વિરુધ્ધનું સોગંદનામુ વંચાણે લીધુ. પોલીસ તપાસના કાગળો વંચાણે લીધા. ત.ક. અમલદારશ્રીને સાંભળ્યા, તેઓએ જામીન અરજીના વિરોધમાં રજૂ કરેલ સોગંદનામું વંચાણે લીધું.

(૪) અરજદાર તરફે એડવોકેટશ્રીએ એવી દલીલ કરેલ છે કે, અરજદાર વિરૂધ્ધ કહેવાતા તહોમતનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી, અરજદાર તદ્દન નિર્દોષ છે. અરજદાર/ આરોપીને ફકત શંકા આધારે અટક કરવામાં આવેલા છે. વધુમાં જણાવે છે કે, કહેવાતો દારૂનો જથ્થો કે ટ્રક અરજદારનો નથી.અરજદારે કલીનર તરીકે ટ્રકમાં મજુરી કરતા હતા. અરજદાર સામે અન્ય કોઈ ગુન્હા નોંધાયેલા નથી. અરજદાર સામે આ પહેલો ગુનો નોંધાયેલ હોય સજાની જોગવાઈ માત્ર બે વર્ષ સુધીની છે. અરજદાર કુટુંબ માં એકમાત્ર કમાનાર ઈસમ છે. તેઓના જીવન નિર્વાહનો આધાર અરજદાર ઉપર જ છે. જો તેઓને જામીન ઉપર મુકત કરવામા નહી આવશે તો તેઓના કુટુંબનુ ગુજરાન મુશ્કેલ થશે. અરજદાર/આરોપી યુવાન વયના છે. ના.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરશે. જેથી અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધીન રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા અરજ કરેલી છે.

(૫) તેનાથી વિરૂધ્ધ પ્રોસીકયુશન તરફે વિ. એ.પી.પી.શ્રી જે.બી.પુરાણીએ એવી દલીલ કરેલ છે કે, આ કામના સહઆરોપીની માલીકીની ટાટા કંપનીની ટ્રક નં. એચ. પી. ૯૩–એ–૮૧૯૩ માં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટની જુદી જુદી બ્રાન્ડની બીયરો, કવાટરીયા, વિદેશી દારૂની બોટલો મળી કુલ નંગ– ૬૩૮૮, કિંમત રૂ.૧૭,૧૩,૯૬૦/– નો પ્રોહી. મુદ્દામાલના જથ્થા સાથે ગુજરાત

રાજયમાં દારૂબંધી હોવા છતાં સહ આરોપી તથા આ કામના અરજદાર/આરોપીઓ હેરાફેરી કરી પત્તાકોબી શાકભાજીની ખોટી બીલ્ટી હોવા છતાં પકડાયેલ આરોપીઓએ તે બીલ્ટીનો સાચા તરીકે ઉપયોગ કરી સદર પ્રોહી. જથ્થો હેરાફેરી કરતા રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલા. જેથી અરજદારની જામીન અરજી નામંજૂર કરવી જોઈએ.

(૬) બન્ને પક્ષકારોની રજુઆતો સાંભળી. પક્ષકારોના એડવોકેટસની દલીલો, તેમજ રજુ દસ્તાવેજી પુરાવા, પોલીસ તપાસના કાગળો તેમજ પ્રોસીકયુશન તરફે રજુ કરેલ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વિગેરે વંચાણે લઈએ તો, આ કામના અરજદાર વિરૂધ્ધ બોડેલી પોલીસ સ્ટેશન સમક્ષ નોંધાયેલ ફરીયાદની હકીકત મુજબ આ કામના સહઆરોપીની માલીકીની ટાટા કંપનીની ટ્રક નં.એચ.પી.૯૩–એ –૮૧૯૩ માં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટની જુદી જુદી બ્રાન્ડની બીયરો, કવાટરીયા, વિદેશી દારૂની બોટલો મળી કુલ નંગ –૬૩૮૮, કિંમત રૂા.૧૭,૧૩,૯૬૦/– નો પ્રોહી. મુદ્દામાલના જથ્થા સાથે ગુજરાત રાજયમાં દારૂબંધી હોવા છતાં સહ આરોપી તથા આ કામના અરજદાર/આરોપીઓ હેરાફેરી કરી પત્તાકોબી શાકભાજીની ખોટી બીલ્ટી હોવા છતાં પકડાયેલ આરોપીઓએ તે બીલ્ટીનો સાચા તરીકે ઉપયોગ કરી સદર પ્રોહી. જથ્થો હેરાફેરી કરતા રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલા. આ કામે એફ.આઈ.આર. વંચાણે લેતાં તેમાં પણ હાલના અરજદાર/આરોપીનું નામ આરોપી નં.ર તરીકે સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે. આ કામે હાલમાં પોલીસ તપાસ ચાલુ છે અને અન્ય આરોપીને આ કામે પકડવાના હજુ બાકી છે. હાલના અરજદાર/આરોપીની આ ગુનાના કામે પ્રથમ દર્શનીય સ્પષ્ટ સંડોવણી જણાઈ આવે છે. આમ, આ ગુન્હાના કામે અન્ય આરોપીને પકડવાના હજુ બાકી હોઈને તેમજ આ કેસમાં પોલીસ તપાસ હાલમાં ચાલુ છે. આ કામના અરજદાર/આરોપી પોતાના આર્થિક ફાયદા સારૂ આરોપી ની સાથે ટ્રકમાં વિશાળ પ્રમાણમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા રેઈડ દરમ્યાન અરજદાર/આરોપી સ્થળ ઉપરથી જ પકડાઈ ગયેલ હોય તેમજ આ ટ્રકમાં હાલના અરજદાર/આરોપીની સાથે રહેલ મુખ્ય/સહઆરોપીના મોબાઈલ નંબર ની સી.ડી.

આર.માં ટાવર લોકેશન મળેલ છે. જો અરજદાર/ આરોપીને જામીન પર મુકત કરવામાં આવશે તો બની શકે કે તેઓ ફરીથી આવા પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ ચાલુ જ રાખશે અને આ ગુનાના કામે નાસતા ફરતા આરોપીની ધરપકડ થવા દેશે નહી અને તેઓ સાચી હકીકત છુપાવી કેસને નુકશાન પહોચાડે તેમ છે. ફરીયાદી તથા સાક્ષીઓને ધાકધમકી આપી ફોડે તેવી શકયતા રહેલી છે. આ કામે સી.ડી.આર. માં આરોપી નં.૧ નું મોબાઈલ ટાવર લોકેશન મળી આવેલ છે. આ ગુનાના કામે તપાસના શરુઆતના તબકકામાં છે અને ગુનાની તપાસ ચાલુ હોય, આમ, આ ગુનાના કામે હાલના અરજદાર/આરોપીએ ભજવેલ રોલ, અન્ય રાજયનો રહેવાસી હોય તેમજ પત્તાકોબી શાકભાજીની ખોટી બીલ્ટી હોવા છતાં પકડાયેલ આરોપીઓએ તે બીલ્ટીનો સાચા તરીકે ઉપયોગ કરી ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટની જુદી જુદી બ્રાન્ડની બીયરો, કવાટરીયા, વિદેશી દારૂની બોટલો મળી કુલ નંગ -૬૩૮૮, કિંમત રૂા.૧૭,૧૩,૯૬૦/- નો પ્રોહી. મુદ્દામાલના જથ્થાની હેરાફેરી કરેલ હોવાનું ફલીત થતું હોઈ રેગ્યુલર જામીન જેવી વિવેકાધીન સત્તાનો ઉપયોગ હાલના અરજદાર/આરોપીની તરફેણમાં કરી શકાય નહીં તેવો મારો સ્પષ્ટ અભિપ્રાય થાય છે. તે સંજોગોમાં હાલના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા પાત્ર જણાતી ન હોઈને ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**: હુ ક મ :**

- અરજદાર/આરોપીની હાલની જામીન અરજી આથી '**નામંજુર**' કરવામાં આવે છે.
- આ હુકમની યાદી સંલગ્ન પોલીસ સ્ટેશન તથા કોર્ટમાં કરવી.

આ હુકમ આજરોજ **તા.૧ લી** માહે **એપ્રિલ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૦૪/૨૦૨૬
બોડેલી

**(સાગર પ્રેમ શંકર)**
એડી.ડીસ્ટ્રીકટ તથા સેશન્સ જજ,
બોડેલી, જી.જે. ૦૧૬૦૧

*V. N. TADVI, STENO.*